Highest Score by the Players. **278** Runs
for **7** wickets. 1916

CRICKET MEDALLISTS.

1892 Sorab Cursetji Dadyseth
1893 Hormasji Manekji Bilimoria
1894 Bamanji Manekji Billimoria
1895 Shavaksha Dorabji Bhiwandiwalla
1896 Manekji Jijibhai Doctor
1897 Jehangir Hiraji Doctor
1898 Fakirji Hiraji Doctor
1899 Framji Pestonji Masani
1900 Ardeshir Framji Divecha
1901 Nasserwanji Bomonji Chinoy
1902 Jehanjir Sorabji Warden

1903 Jehanjir Hormasji Elchidana
1904 Vithal Babaji Palvanker
1905 Bomonji Ardeshir Liboowalla
1906 Bejonji Sorabji Bhappu
1907 Framroz Rattonji Dubash
1908 Jehangir Jijibhai Bottlewalla
1909 Ganpat Babaji Palvenker
1910 Shavaksha Bejonji Vans
1911 Burjorji Jamshedji Morenus
1912 Shavaksha Ardeshir Daruwalla
1913 Hormasji Dadabhai Billimoria
1914 Jal Rustomji Khan
1915-16 Manchersha Kavasji Kapadia

RECORDS.

J. H. ELCHIDANA.

Throwing the Cricket Ball:-Record from the

Year 1904 } New High School. Distance **103** yards **2** feet and **7** inches.

Bowling Record.

Match with the Elphinstone College (from the New High School.)

20-6-1904 **11** wickets for **21** runs.

12 players from each side participated hence 11 wickets were captured which constitutes a remarkable Bowling Record.

Total score in an innings—**3** runs only.

Pheroz H. Vania—**6** wickets for **0** run.

A remarkable bowling performance was recorded in the "Jiles Junior Shield Match" which was played in 1911 between the Cathedral and the Grant Road Proprietary High School in which P. H. Vania captured **6** wickets of the Cathedral High School, without giving a single run, performing a **Hat Trick.**" In this match the total score of the Cathedral High School was **3** runs only in the 2nd innings.

Record in the throwing of a cricket ball.

Naval M. Mody of the Fort and Proprietary High School established a record in throwing of a cricket ball to a distance of **104** yards, in the Bombay High Schools Athletic Sports in the year 1906.

Final-Match of 1915.

No school won the championship of 1915. The time fixed for the final-match was so hot that both schools the New High and the New English, in the interest of their boys decided not to play it.



મુંબઈ ઈલાકાની ક્રીકેટને લગતી જાણવાજોગ નોંધ.

દરેક વર્ષનાં જુદા જુદા અમુક બનાવો.

ઓરીયન્ટલ ક્રીકેટ કલબ.

૧૮૪૮ માં ઓરીયન્ટલ ક્રીકેટ કલબની સ્થાપના થઇ.

ઝોરાસ્ત્રીયન ક્રીકેટ કલબ.

૧૮૫૦ માં ઝોરાસ્ટ્રીયન ક્રીકેટ કલબ સ્થપાઇ.

સેંટ મેરીઝ હાઇસ્કુલ ક્રીકેટ કલબ.

૧૮૫૮માં ભાયખલા ખાતેની સેંટમેરીઝ હાઇસ્કુલની ક્રીકેટ કલબ ઉઘડી.

માર્સ ક્રીકેટ કલબ.

૧૮૬૦ માં માર્સ ક્રીકેટ કલબ હસ્તીમાં આવી.

બંગાળી પ્રાઇઝ મેચો.

૧૮૬૮ થી ૧૮૭૭ સુધી (મરહુમ) શેઠ શોરાબજી શાપુરજી બંગાળીએ "પ્રાઇઝ મેચો" રમાડી હતી.

યંગ ઝોરાસ્ત્રીયન ક્રીકેટ કલબ.

૧૮૬૭માં મુંબઇના મેદાનની હાલની પુરાણી યંગ ઝોરાસ્ટ્રીયન ક્રીકેટ કલબ હસ્તીમાં આવી. જીમખાનાની પીચ નજીક જાહેર હીંમતથી પોતાનો પ્લૅાટ બનાવી મેદાનમાં પાણીની પાઇપ લેવાની **પહેલી શુભ શરૂઆત** કરનારી આ કલબ પોતાની **૫૦ વર્ષની** ગોલ્ડન જુબીલી કરવાની તૈયારીમાં છે જે મેસર્સ જીજીભાઇ એલ૦ બીલીમોરીઆ, નશરવાનજી હોરમસજી કરંજ્યા અને માણેકજી પેશતનજી ભરૂચાની કાળજી હેઠળ હાલમાં રૂષ્ટ પુષ્ટ બની દર રવીવારે પોતાની **બબે ઇલેવનો** ક્રીકેટ મેચ માટે બાહેર પાડવાની **મગરૂરી**

તથા **મોજ** ધરાવે છે. છેલ્લાં ૪ વર્ષ થયાં આ કલબ પોતાની તરફથી દર ફેબરવારી માસમાં "પારસી ક્રીકેટરોની કમ્બાઇન્ડ" મેચ રમાડવામાં જાણીતી થઇ છે.

પરશીયન ક્રીકેટ કલબ.

૧૮૭૦ માં મુંબઇની પરશીયન ક્રીકેટ કલબ હસ્તીમાં આવી હતી કે જે કલબમાં મેદાનમાં આજે એકલીજ **રેજીષ્ટર કલબ** હોવાનું માન ધરાવે છે. આ કલબની ખીલતી જતી ક્રીકેટ તેના ઉલટમંદ ક્રીકેટ–સેક્રેટરી મી૦ બરજોરજી સોરાબજી દાલાલની ખંતને આભારી છે, જેવણનાં ઉલટમંદ લેફ્ટનન્ટ તરીકે મી૦ દોસાભાઇ રૂસ્તમજી બલસારા પોતાની સેવા બજાવે છે.

એલ્ફીન્સટન ક્રીકેટ કલબ.

૧૮૭૨ માં મુંબઇનાં મેદાનની આગેવાન એલફીન્સટન ક્રીકેટ કલબની સ્થાપના થઇ જે કલબ પોતાની **૪૦ હજાર**ની ઇમારત અને **૪૪૦** સભાસદો ધરાવવાનું અનુપમ માન ભોગવે છે. ૧૯૦૦માં આ કલબે પોતાની હાલની ઇમારત વપરાસમાં લીધી હતી. જયારે **૧૯૧૦**માં મેદાનની પારસી ક્રીકેટ કલબો માટે **સ્પેન્સર કપ** બાહેર પાડયું હતું.

ફૉર્ટ હાઇસ્કુલ ક્રીકેટ કલબ.

૧૮૭૨માં હાલમાં **૫૫** વર્ષના ક્રીકેટ–કારકીર્દી ધરાવતી ફોર્ટ એન્ડ પ્રોપ્રાયટરી હાઇ સ્કુલ ક્રીકેટ કલબ બરપા થઇ. આ સ્કુલ ક્રીકેટ કલબના અનેક **ક્રીકેટ રેકોર્ડ જાણીતા છે** જે સ્કુલ ક્રીકેટને લગતા જુદાં **પ્રકરણ**માં રજુ કરવામાં આવ્યા છે.

પારસી ક્રીકેટ કલબ.

૧૮૭૬માં પારસી ક્રીકેટ કલબ સ્થપાઇ.

જીમખાના સાથની પહેલી મેચ.

૧૮૭૭માં પારસીઓ જીમખાના સાથે પહેલી મેચ રમ્યા.

સર જે. જે. પી. બી. ઇન્સ્ટીટયુશન ક્રીકેટ કલબ.

૧૮૭૭માં સર જમશેદજી જીજીભાઇ પારસી ચેરીટેબલ ઇન્સટીટયુશન ક્રીકેટ કલબ સ્થાપવામાં આવી.

પારસી ટીમ વેલાયત મોકલવાની રદ્દ ગયેલી યોજના.

૧૮૭૮ માં પારસી ક્રીકેટ ટીમ વેલાયત ખાતે મોકલવાની (મરહુમ) મી. અરદેસર બેરાંમજી પટેલની યોજના રદ્દ ગઇ.

અલીગઢ કોલેજ ક્રીકેટ કલબ.

૧૮૭૯ માં અલીગઢ કોલેજની ક્રીકેટ કલબ ઉઘડી.

બેરોનેટ ક્રીકેટ કલબ.

૧૮૮૨ માં પ્રખ્યાત બેરોનેટ ક્રીકેટ કલબ શરૂ થઇ. આ કલબના અનેક જાણવાજોગ બનાવો જાણીતા છે. ડા૦ મેહેરલાશાહ પાવરી એ કલબના પ્રમુખ તરીકે ઉલટમંદ સેવા બજાવે છે. જ્યારે "વાઇશ-પ્રેસીડંન્ટ" તરીકે મી. કે. બ વાડીઆલા છે.

જોન બ્રાઇટ ક્રીકેટ કલબ.

૧૮૮૩ માં એકવારની મક્કમ જાહોજલાલી ભોગવી ચુકેલી મેદાનની હાલની જાણીતી અને જુની કલબ જોન બ્રાઇટ સ્થપાઇ.

સીટી ઓફ બોમ્બે કલબ.

૧૮૮૬ માં મી. પી૦ દી૦ કાંગાની એક વેળાની મચેલી અને માનીતી "સીટી ઓફ બોમ્બે કલબ" સ્થપાઇ.

મરીન તથા એસપ્લેનેડ લીબરલ.

૧૮૮૬માં મરીન તથા (એસપ્લેનેડ) લીબરલ ક્રીકેટ કલબો બરપા થઇ.

ડા. પાવરીની ૩ રનમાં ૯ વીકેટ.

૧૮૮૫માં જોનબ્રાઇટ તરફથી એલફીન્સ્ટનની **૯** વીકેટ ફકત **૩** રનમાં ડા. પાવરીએ ગબડાવી તેમાં એક '**હેટટ્રીક**" કરી હતી.

ડા. પાવરીની કીંમતી સેવા.

એક ચુનંદા કેપટન અને બોલર તરીકેની પારસી ક્રીકેટર ડા. એમ. ઇ. પાવરીની નામના જાણીતી છે જે ક્રીકેટરે, વરનનની ટીમ સામે **૭૪** રનમાં **૭**, લોર્ડ હૅાકની ટીમ સાથની મેચ માંહેલી **૧૦** વીકેટ અને ૧૮૯૭માં પ્રેસીડન્સી સામેની **૩૧** રનમાં ઉરાડેલી **૬** તેમજ સીકન્દ્રાબાદ ટીમ સામે લીધેલી **છેટલી લાગત ૪ વીકેટ** ખાસ નોંધને લાયકનો બનાવ છે.

૧૮૮૫માં **પારસી જીમખાનું** સ્થપાયું.

ઈંગ્લંડ ગએલી પહેલી અને બીજી પારસી ટીમ.

૧૮૮૬માં પહેલી પારસી ટીમ ઈંગ્લંડ ગઇ.

૧૮૮૮માં બીજી ,,

પહેલી પારસી ટીમ **૨૮** મેચ રમી **૧** જીતી **૧૯** હારી હતી જયારે ૮ મેચ ડ્રોન થઇ હતી.

બીજી પારસી ટીમે **૩૧** મેચ રમી ૮ જીતી **૧૧** હારી **૧૨** મેચ ડ્રોન કરી હતી.

સાસાનીયન ક્રીકેટ કલબ.

૨૧ મી માર્ચ **૧૮૮૯**માં સાસાનીયન ક્રીકેટ કલબ સ્થાપવામાં આવી હતી એમ એ કલબના હાલનાં ક્રીકેટ કેપટન મી. માણેકશાહ ફરદુનજી મુલ્લા ખાત્રીપૂર્વક લખી જણાવે છે.

પીટીટ પારસી ઓરફનેજ ક્રીકેટ કલબ.

૧૮૮૯ માં ધી જમશેદજી નશરવાનજી પીટીટ પારસી ઓરફનેજ ક્રીકેટ કલબ સ્થપાઇ.

આ સ્કુલના ક્રીકેટ ટીમે **૧૮૯૫** માં બોમ્બે હાઇ સ્કુલ્સ એથલેટીક એસોશીએસનમાં જોડાઇ ભાગ લીધો હતો, અને ૧૯૦૦ થી તેમાં જોડાવાનું બંધ કરી ૧૯૧૪ થી પાછી પોતાની ઉમેદવારી જારી કરી ૧૯૧૬ માં જુનીયર રાઉન્દમાં **ચેમ્પીયનસીપ** મેળવી હતી.

ગગરાટનો ફોર્મ.

૧૮૮૯ માં એક વેળાના **પારસી ચેમ્પીયન** બરજોર દી. ગગરાટે પુના જીમખાનાની મજબુત ઇલેવન સામે નોટઆઉટ રહી **૧૦૮** રન કીધા હતા. જે એક મોટી મેચની **પહેલી** સદી હતી.

વરનોનની ટીમની મેચ.

૧૮૯૦ માં વરનોનની ટીમે પારસીઓ સામે **૯૭** અને **૬૧** રન નોંધાવ્યા હતા, જેનો પારસી ટીમે ૮૦ અને ૬ વીકેટે ૭૮ રનથી જવાબ આપ્યો હતો.

આ મેચ પારસીઓ ૪ વીકેટે જીત્યા હતા.

લોર્ડ નોર્થબ્રુક ક્રીકેટ કલબ.

૧૮૯૦ માં મુંબઇના એસપ્લેનેડના મેદાનની લોર્ડ નોર્થબ્રુક ક્રીકેટ કલબ સ્થાપવામાં આવી.

એલફીન્સટન કોલેજ જીમખાનાની સ્થાપના.

૧૮૯૦ માં પોતાની કોલેજ ટીમની ક્રીકેટ ટુરથી પ્રખ્યાત થયલું એલફીન્સટન કોલેજ જીમખાનું પ્રીન્સીપલ વર્ડસવર્થે (એમ. એ. સી. આઈ. ઇ.) હસ્તીમાં આણ્યું. આ વખતે કોલેજ ક્રીકેટના કેપટન તરીકે મી. દી. કે. પંદીત નેમાયા હતા.

સેંટ ઝેવીયર હાઇસ્કુલ ક્રીકેટ કલબ.

૧૮૯૦માં સેંટ ઝેવીયર હાઇસ્કુલ ક્રીકેટ કલબ સ્થાપવામાં આવી. આ સ્કુલનો ટીમ શીલ્ડ મેચમાં પ્રથમથીજ ઉતરતો આવ્યો છે.

નોરધર્ન ઇંડીઆની ટુર.

૧૮૯૧માં પારસી ટીમ મી. જમશેદજી પટેલની કેપટનશીપ હેઠળ નોરધર્ન ઇંડીયાની ટુર ઉપર ગઈ હતી જેમાં જયપુર, બીહાર કલકત્તા જીમખાના તથા અલ્હાબાદ જોડે મેચ રમી **૩**માં જીત અને **૧** મેચ દ્રોન થવે "ચેમ્પીયન" નીવડી પાછી ફરી હતી.

સીકંદ્રાબાદની ટીમ મુંબઈમાં.

૧૮૯૨માં કેપટન પુરની **સરદારી હેઠળ** સીકન્દ્રાબાદની ક્રીકેટ ટીમ મુંબઇ આવી પારસીઓ સાથની હરીફાઇમાં ઉતરી હતી જેમાં રમત બંધ થવાની ૩ મીનીટ આગમજ ડા. એમ. ઇ. પાવરીએ છેલ્લી ૪ વીકેટો **લાગત ચાર બોલે ઉરાડી** પારસી ટીમને **૯૨** રનની જીત અપાવી હતી. સીકન્દ્રાબાદની ૨૭ રને ૪, ૪૨ રને ૫ અને ૪૭ રને ૬ વીકેટ ગબડી હતી જે બાદ છેલ્લી ૪ વીકેટો ૦ રનમાંજ ગબડી હતી.

૮ મીનીટમાં ૫૦ રન.

૧૮૯૧માં રાલી બ્રધર્સ તરફથી મુંબઇ જીમખાના **સામે મેસર્સ** ગગરાટ અને માછલીવાળાએ ૮ મીનીટમાં **૫૦** રન નોંધાવ્યા હતા.

૭ રનમાં ૮ વીકેટ.

૧૮૯૧માં (મરહુમ) એમ. ડી, કાંગાએ મુંબઇ જીમખાનાની ૭ વીકેટ ૮ રનમાં ઉરાડી હતી.

ન્યુ હાઇસ્કુલ ક્રીકેટ કલબ.

૧૮૯૧ માં ન્યુ હાઇ સ્કુલ ક્રીકેટ કલબ શરૂ થઇ હતી. હીંદની આ **આગેવાન** સ્કુલ ક્રીકેટ કલબનો ક્રીકેટની રમતનો હિસ્સો **જંગી** અને **આગેવાન** જેવોજ થઇ પડયો છે જેનું વીગતવાર બ્યાન સ્કુલ ક્રીકેટને-લગતાં જુદા પ્રકરણમાં આગલ રજુ થયલું નજરે પડશે.

રણજીતની શ્રેષ્ટ ઇનીંગ્સ.

૧૮૯૨ માં સરે સામે નોધાવેલા **૨૩૫** રન આપણો વીરલો ક્રીકેટર જામ રણજીતસીંહ પોતાની સૌથી શ્રેષ્ટ ઇનીંગ્સ ગણાવે છે.

૧૮૯૨ માં પ્રેસીડન્સી વિરૂદ્ધ પારસીઓ વચ્ચેની પહેલી મેચ શરૂ થઇ હતી.

લોર્ડ હૉકની ઇંગ્લીશ ટીમ.

૧૮૯૨ માં લોર્ડ હૉક વીરૂદ્ધ પારસીઓ વચ્ચે રમાયલી મેચમાં પારસી પક્ષે **૯૩**'અને **૧૮૨** રન કીધા હતા જેનો હોકની ટીમે ૭૩ અને ૯૩ રનથ જવાબ આપવે પારસીઓ આ મેચ **૧૦૯** રને જીત્યા હતા. તુરત રમાયલી રીટર્ન મેચમાં પારસીઓ ૭ રને હારી ગયા હતા.

૧૮૯૩ માં પારસી ક્રીકેટના દીલસોજ દોસ્ત શેઠ શોરાબજી શાપુરજી બંગાળી, સી. આઇ. ઇ. ગુજર્યા.

મોહોમેદન ક્રીકેટ કલબ.

૧૮૯૩ માં મોહોમેદન ક્રીકેટ કલબ સ્થપાઇ.

એલાયન્સ ક્રીકેટ કલબ.

૧૮૯૪ માં મરીન ગ્રાઉન્દની આગેવાન એલાયન્સ ક્રીકેટ કલબ **સ્થાપવા**માં આવી. મચેલી અને માનીતી આ ક્રીકેટ કલબ પોતાની બીલીયર્ડસ **સહિત** સંપીલા સભાસદોની **એક** સારી **સંખ્યા** ધરાવે છે.

અન્જુમને ઇસલામ હાઇ સ્કુલ ક્રીકેટ કલબ.

૧૮૯૪ માં અંજુમને ઇસલામ હાઇસ્કુલ ક્રીકેટ કલબની સ્થાપના થઇ.

હીંદુ જીમખાનાની સ્થાપના.

૧૮૯૪માં હીંદુ જીમખાનું હસ્તીમાં આવ્યું હતું.

૧૮૯૪માં મુંબઈ જીમખાના સાથે હીંદુઓ પહેલી મેચ રમ્યા હતા, જેમાં જીમખાનાએ કેપટન ચેલોનરના **૮૫** રનના સ્કોર સહિત **૩૧૭** રનનો જુમલો નોંધાવ્યો હતો. હીંદુઓએ **૨** વીકેટે **૨૮** રન કરવે આ મેચ ડ્રોન ગઇ હતી. આ મેચમાં હીંદુઓ તરફથી દેવીદાસ મેહેતાએ **૬** વીકેટ લીધી હતી.

કેકી મીસતરીના ૧૨૫ રન.

૧૮૯૫માં અહમદનગર જીમખાના સામે કેકી એમ. મીસતરીએ **૧૨૫** રન કીધા હતા.

ફરગ્યુશન કોલેજ ક્રીકેટ કલબ.

૧૮૯૫માં પુના ખાતેની ફરગ્યુશન કોલેજ ક્રીકેટ કલબ સ્થાપવામાં આવી.

આવાંબાઇ હાઇસ્કુલ ક્રીકેટ કલબ.

૧૮૯૬ માં બાઇ આવાંબાઈ હાઇસ્કુલ (બલસાડ) સ્થાપન થઇ. સ્કુલ્સ એથલેટીક એસોશીએશન અમદાવાદ સાથે ૧૯૧૦ થી સંબંધ ધરાવી આ સ્કુલની સીનીયર ટીમે **૧૯૧૧** અને **૧૯૧૬** માં **લેલી કપ** જીત્યું છે.

લીમજી મેહેતાનો રેકોર્ડ.

૧૮૯૬માં મઉ જીમખાના સામે બેરોનેટ ક્રીકેટ કલબ તરફથી જુના અને જાણીતા ક્રીકેટર મી. લીમજી નવરોજી મેહેવાંએ વીકેટ-કીપર તરીકે **૮** કેચ કીધા હતા.

પારસી ક્રીકેટર મી. જેહાંગીર માદનની કાંઉન્ટી બોલર હર્ન ઉપર સરસાઇ.

૧૮૯૬ થી **૧૯૦૦** સુધી જાણીતા પારસી બોલર અને ન્યુહાઇસ્કુલના જોઇન્ટ ક્રીકેટ-કોચ મી. જેહાંગીર બી. માદન પટીઆલાના રાજાને ત્યાં નોકરીએ હતા જે વખતે **૧૮૯૭** માં મીદલ સેક્સના પ્રખ્યાત કાંઉન્ટી બોલર જે. ટી. હર્ન જેને ઇંગ્લંડ તરફથી ૧૯૦૨ માં એકજ મેચમાં ૧૮ રન આપી સઘળી ૧૦ વીકેટ લઇ ઓશટ્રેલીયન ટીમ ને હરાવી ૩૬ રનમાં આઉટ કરવાનો રેકોર્ડ કીધો હતો તેની ઉપર પોતાની ચઢીઆતા પ્રકારની બોલીંગ એવરેજથી સરસાઇ મેળવી હતી.

કેકી મીસતરીના ૧૫૬ અને ૧૪૪ રન.

૧૮૯૭ માં કશાવલી ગેરીશન સામે કેકી એમ મીસતરીએ ૧૫૬ રન નોંધાવ્યા હતા. ૧૮૯૭ માં એજ ક્રીકેટરે અંબાલા ખાતે ૧૪૪ રનનો સ્કોર કીધો હતો.

લૉર્ડ હેરીશ અને પારસી ટીમ.

૧૮૯૮માં તે વખતમાં નામદાર ગવર્નર લૉર્ડ હેરીશે પારસી ટીમ ઇંગ્લંડ મોકલવાની હીલચાલ કરી હતી જે નીષ્ફલ નીવડી.

લાડકા રણજીતના "Pair of Spectacles".

ક્રીકેટ મંડળના માનીતા **રણજીતે ૩૦ મી આગષ્ટ ૧૮૯૮**માં પુના ખાતે રમતાં બંને ઇનીંગ્સમાં ૦ નો સ્કોર કીધો હતો. પહેલી ઇનીંગ્સમાં દ્રોઝના બોલે મેજર ગ્રેગના હાથમાં અને બીજી ઇનીંગ્સમાં એજ બોલરના બોલે બોન્ટના હાથમાં સ્લીપ ઉપર આ મહાન ક્રીકેટર આઉટ થઇ Pair of Spectacles પોતાને ખાતે નોંધાવી તંબુમાં પાછો ફર્યો હતો.

લૉર્ડ હેરીશની છબીની ભેટ.

૧૮૯૮ માં નામદાર ગવર્નર લૉર્ડ હેરીશ કે જેમણે હીંદમાં ક્રીકેટનો ઉંડાણથી પાયો નાંખ્યો હતો તેમની ત્રણ ઑઇલ પેન્ટીંગ તસવીરો એન્ટરટેનમેન્ટ કમીટીની તરફથી મુંબઇના પારસી, ઇસલામ અને હીંદુ જીમખાનામાં ખુલ્લી મેલવામાં આવી હતી.

કેકી મીસતરીના ૧૯૬–૨૫૫–૧૦૬ અને ૧૫૧ રન.

૧૮૯૮ માં મી. કેકી એમ. મીસતરીએ લખનો જીમખાના સામે ૧૯૬, અંબાલા જીમખાના સામે ૨૫૫, સીમલા સામે ૧૦૬ (નોટઆઉટ) અને આગ્રા જીમખાના સામે ૧૫૧ રનનો સ્કોર નોંધાવ્યો હતો.

ગુજરાત કોલેજ ક્રીકેટ કલબ સ્થપાઇ.

૧૮૯૮ ની તા. ૧ લી જુલાઇએ અમદાવાદની ધી ગુજરાત કોલેજ ક્રીકેટ કલબ સ્થપાઇ. આ વખતે હીસતરી અને ઇકોનોમીકશના પ્રોફેશર કે. એ. દવે એમ. એ. એલ એલ. બી. ની ક્રીકેટ સેક્રેટરી તરીકે નેમણુક થઇ હતી.

ગ્રાંટરોડ પ્રોપ્રાયટરી ક્રીકેટ કલબ.

૧૮૯૮માં ગ્રાંટરોડ પ્રોપ્રાયટરી એન્ડ ફ્રૉર્ટ હાઇસ્કુલ ક્રીકેટ કલબ સ્થાપવામાં આવી હતી.

એસપ્લેનેદ હાઇસ્કુલ ક્રીકેટ કલબ.

૧૮૯૦ના જુન માસમાં મુંબઇની એસપ્લેનેદ હાઇસ્કુલ ક્રીકેટ કલબ શરૂ થઈ હતી.

ગાઉદ સારસવટ ક્રીકેટ કલબ.

૧૯૦૦નાં વર્ષમાં આગેવાન હીંદુ ક્રીકેટરોથી બનેલી મુંબઇનાં મેદાનની જાણીતી અને મજબુત ક્રીકેટ કલબ ગાઉદ સારસવત બરપા થઇ.

૧ ચ એ સદ્દા.

૧૯૦૦માં કેકી કે. ખરાશ અને ધનજીભાઇ એફ. દુબાશે વાઇ. એમ. સી. સામે અરધા દીવસની મેચમાં પારસી જીમખાના તરફથી બે સદી નોંધાવી હતી.

કે. બી. મીસતરીની ૬ બોલમાં ૬ વીકેટ.

૧૯૦૦માં કેકી બી. મીસતરીએ અજમેરની ટીમ તરફથી અલીગઢ કૉલેજ સામે ૬ બોલમાં લાગટ ૬ વીકેટ લીધી હતી જેમાં તેનો છેલ્લો બોલ "નો બોલ" ગણાયો હતો.

અજમેર ખાતે રીટર્ન મેચમાં એજ બોલરે અલીગઢની ૮ વીકેટ માત્ર ૯ બૉલમાં ઉરાડી હતી આ રેકોર્ડ ક્રીકેટ તવારીખમાં એક **આગેવાન રેકોર્ડ ગણાય**

દુન્યાનો ચેમ્પિયન ક્રીકેટર–રણજીત.

૧૯૦૦માં હીંદના આ મહાન અને દુન્યાના પ્રસિદ્ધ ક્રીકેટરે **૩૦૬૫** રન કરી એકજે સીઝનમાં આવા મોટા ઝુમલામાંથી ઇંગ્લંડની ફર્સ્ટ કલાસ ક્રીકેટમાં ૮૭ રનની એવરેજ આણી **ચેમ્પીયનસીપ** મેળવી હતી

૧૯૦૦ ની આ એકજ મોસમમાં મહાન ક્રીકેટર રણજીતે **૧૧ સદી** નોંધાવી હતી.

૧૮૯૯ માં પણ આ વીરલા ક્રીકેટરે **૩૧૫૯** રન કરી **ચેમ્પીયન સીપ** મેળવી હતી.

કોરોનેશન ક્રીકેટ કલબ.

૧૯૦૧ માં ક્રાઇસ્ટના મેદાનની એક મચેલી અને માનીતી કલબ કોરોનેશન ક્રીકેટ કલબ હસ્તીમાં આવી.

મહેર હોમજીના ૧૯૦ રન.

૧૯૦૧ માં મી. આર. પી. મેહેરહોમજીએ પુના જીમખાના સામે નોટઆઉટ રહી **૧૪૦** રનનો તારીફલાયક સ્કોર કીધો હતો.

દીનશા દી. કાંગા–૧૧૬ રન.

૧૯૦૨–૦૩ માં દીનશા દી. કાંગાએ ઓકશફર્ડ ઓથેન્ટીકસ સામે **૧૧૬** રન નોંધાવ્યા હતા.

લીબરલ (એસપ્લેનેડ) ૨૯૧ રન

પારસી જીમખાના સામે **૧૯૦૨** ના જુન માસમાં મેદાનની લોકલ ક્રીકેટ કલબ લીબરલ એસપ્લેનેડે **૨૯૧** રનનો જંગી સ્કોર કીધો હતો જે મેચમાં પી. એન. પૉલીશવાળાએ ૧૨૯ રનનો ફાળો આપ્યો હતો. બીજા રમનાઓમાં એરચ કોલાએવાળા અને રૂસતમ એફ. નાનજી માસતરે ૪૮ અને ૬૬ રનનો સ્કોર નોંધાવ્યો હતો.

બેરોનેટ ક્રીકેટ કલબના રેકોર્ડ.

મેદાનની પ્રખ્યાત બેરોનેટ ક્રીકેટ કલબ કે જેની ૧૮૮૨ના વર્ષમાં સ્થાપના થઇ હતી તેને તા. ૬ થી ડીસેમ્બર **૧૯૦૩** ના દીવસે હીંદુ જીમખાના ગ્રાઉન્દ ઉપર **એક** ઇનીંગ્સમાં બે **સદી** નોંધાવી હતી જેમાં આર. પી. મહેર હોમજી અને એફ. પી. મસાનીએ **૧૦૪** અને **૧૧૮** (નોટઆઉટ) રન કરી **૨૨૨ રનની** પાર્ટનરસીપ નોંધાવી હતી. હીંદુ જીમખાનાએ બેરોનેટ કલબને આજ સુધી રમાયલી અનેક મેચમાં **એકપણવાર** હરાવી નથી.

પારસી બેરોનેટ ક્રીકેટ કલબ.

૧૯૦૩ માં પારસી બેરોનેટ ક્રીકેટ કલબની સ્થાપના થઇ.

ફ્રેન્ડસ યુનીયન ક્રીકેટ કલબ.

૧૯૦૪ માં હીંદુ જીમખાનાના આગેવાન ક્રીકેટરો ધરાવતી ધી ફ્રેન્ડસ યુનીયન ક્રીકેટ કલબ સ્થપાઇ.

વીલશન હાઇસ્કુલ ક્રીકેટ કલબ

૧૯૦૪માં વીલશન હાઇસ્કુલ ક્રીકેટ કલબ શરૂ થઇ.

હીંદુ જીમખાનાનો રેકૉર્ડ.

૧૯૦૫મા હીંદુ જીમખાના ગ્રાંઉન્ડ ઉપર રમાયલી મેચમાં અલીગઢ કોલેજે કેપટન અલી હસનના ૧૧૩ રન સહીત ૪૩૫ રનનો સ્કોર નોંધાવ્યો હતો જેનો હીંદુ જીમખાનાએ એમ. ડી. પઈના ૧૫૦ રન સહીત ૪૪૪ રન કરી મુંબઇ ખાતેનો રેકોર્ડ નોંધાવ્યો હતો. આ બે દીવસની મેચમા ૮૭૯ રન નોંવાયા હતા.

કશટમ્સ ક્રીકેટ કલબ સ્થાપાઇ.

૧૯૦૫માં તે વખતના કશટમ્સ કલેકટર ઓ. મી. પી. આર. કેદલે કશટમ્સ ક્રીકેટ કલબ સ્થાપી હતી જેવણ એ કલબના પ્રમુખ હતા. હાલના કશટમ્સ કલેકટર મી. આર. એફ. એલ. વીટલી ક્રીકેટ કલબના પ્રેસીડન્ટ છે જ્યારે ઓનરરી સેક્રેટરી તરીકે મી. પી. એમ. ખંબાતાનો નેમણુક જારી છે.

જહાંગીર એલચીદાનાની ૪ સદી.

૧૯૦૫માં પુના જીમખાનાની સામે બેરોનેટ ક્રીકેટ કલબ તરફથી મી. જે. એચ. એલચીદાનાએ ૧૦૮ રન નોંધાવ્યા હતાં, જે ઉપરાંત ૧૯૦૬માં એલફીન્સટન ક્રીકેટ કલબ તરફથી બેરોનેટ સામે ૧૦૧ અને ૧૯૧૫માં ફોર્ટ એન્ડ પ્રોપ્રાયટરી હાઇસ્કુલ સામે ૧૦૪ તેમજ ૧૯૧૫માં ઇમપીરીયલ સામે ૧૦૬ રન કીધા હતા.

પારસી બાનુઓ વીરૂદ્ધ ગ્રૃહસ્થો વચ્ચેની પહેલી ક્રીકેટ મેચ.

૨ જી જુલાઇ ૧૯૦૬ના દીવસે માથેરાન ખાતે પારસી બાનુઓ વીરૂદ્ધ ગ્રહસ્થો વચે રમાયલી **પહેલી યાદગાર મેચમાં** બાનુઓએ **૯ રનની જીત** મેળવી હતી.

આ રમત માટે એવી ગોઠવણ કરવામાં આવી હતી કે ગ્રહસ્થોએ ડાબે હાથે બેટીંગ અને ફીલડીંગ કરવી, જ્યારે બાનુઓ માટે કાંઈ પણ શરત કરવામાં આવી હતી નહીં. બાનુઓના કેપટન મીસ પટેલે પોતાની તરફેણમાં સીકકો પડેલો જોઇ પોતાની ટીમને દાવમાં મોકલવાને પસંદ કીધું હતું. તેઓએ પહેલા દાવમાં ૪૬ રન કીધા હતા, જેમાં મીસ બનાતવાળાના ૧૪ અને કેપટન મીસ પટેલના ૧૨ રન મુખ્ય હતા. માત્ર ત્રણ ચાર દીવસની પ્રેકટીશમાં બાનુઓએ બહુ અચ્છો દેખાવ કર્યો હતો. તેઓની રમત તમાશગીરોને જોવાલાયક થઇ પડી હતી.

ગ્રહસ્થોએ પહેલા દાવમાં ૩૭ રન કીધા હતા. જેમાં હોમી કોમીસરીયટના ૮, જે. પારખના ૭ અને સોલી કોમીસરીયટના ૧૧ રન મુખ્ય હતા.

બાનુઓએ બીજા દાવમાં વધારે ઉલટમાં આવી જઇ ૫૫ રન ઠોકી કહાડયા હતા, જેમાં મીસ ટી. મહેતા અને કેપટન એસ. પટેલે લાંબો વખત દાવ ટકાવી રાખી ૧૭ અને ૧૪ રનનો આગેવાન ફાળો આપ્યો હતો અને મીસ પદમજીએ પોતાની ટીમના રનમાં ૧૦ રનનો વધારો કર્યો હતો. જ્યારે રમત બંધ પડી ત્યારે ૫ વીકેટના ભોગે ગ્રહસ્થોએ ૧૭ રન કીધા હતા. આ મેચની કારસાજી ડા. મેહેરલાશાહ એરચજી પાવરીને આભારી હતી.

સ્યાવક્ષ નાગપોરે મદ્રાસમાં કરેલી સદી.

૧૯૦૬ની ૧૮ મી નવેમ્બરે મુંબઇવાલા ક્રીકેટર મી. સ્યાવક્ષ બી. નાગપોરવાલાએ મદ્રાસમાં સદીનો સ્કોર કીધો હતો.

પુના જીમખાનાનો રેકોર્ડ સ્કોર.

૧૯૦૭માં પુના જીમખાનાએ મુંબઇ જીમખાના સામે પુનાની ગ્રાઉન્ડ ઉપર ૪ વીકેટે ૩૮૭ રન કીધા હતા જેમાં મેજર ગ્રેગ ૧૦૫ અને કેપટન હાર્ડીન્દ ૧૦૧ રન કરી રીટાયર્ડ થયા હતા. જ્યારે મેજર ફીલ્ડ ૭૧ રન કરી નોટ આઉટ રહયો હતો. મુંબઇ જીમખાનાએ ૮૮ અને ૧૧૦ રન કરી આ મેચમાં ઇનાંગ્સ અને ૧૮૯ રનની હાર મેળવી હતી.

૨ દીવસમાં ૯૨૨ રનનો જંગી સ્કોર.

૫મી અકટોબર ૧૯૦૮માં મુંબઇ જીમખાના વિરૂધ સેંટ્રલ ઇન્ડિઆ વચેની જીમખાના ગ્રાઉન્ડ ઉપર રમાયલી ઉપલી મેચમાં ૯૨૨ રનનો રેકોર્ડ નોંધાયો હતો.

જીમખાના ૮ વીકેટે ૩૪૭ રન
સી. ઈ, વીલશન–૧૦૦
ફ્રીશટી–૫૯
જે. એસ. મીલન–૫૨

બીજો દાવ
જીમખાના ૩ વીકેટે ૧૪૯ રન
એમ. દી. શોનદરશન–૪૨
મીલન ૧૧૫ રને ૫ વીકેટ

સેંટ્રલ ઇંડિયા ૨૯૪ રન.
વોટફર્ડ–૯૬
શંકરરાવ–૫૮
જીલાની–૫૪

બીજો દાવ
સેંટ્રલ ઇંડિઆ ૬ વીકેટે ૧૩૨ રન
ફ્રાંન્સીસ–૪૪
સ્ટૉવ–૨૩
બાપુમીઆં ૬૭ રને ૩ વીકેટ
એફ. દી. જોપ ૯૭ રને
૩ વીકેટ

ચંદનવાડી પ્રોપ્રાયટરી સ્કુલ ક્રીકેટ કલબ

૧૯૦૮ની તા૦ ૧ લી જુને ચંદનવાડીની પ્રોપ્રાયટરી એન્ડ ફ્રેટ હાઇસ્કુલ ક્રીકેટ કલબ બરપા થઇ.

ટાઇમ્સ ઓફ ઇંડીઆ કીકેટ કલબ.

૧૯૦૮ માં ધી ટાઇમ્સ ઓપ્ ઇંડીઆ ક્રીકેટ કલબ ઉઘડી. આ કલબ મુંબઇની બે આગેવાન ઓફીશ ક્રીકેટ કલબો બી. બી. તથા જી. આઇ. પી. રેલવેના જેવું ચઢીઆતું "કોમ્બીનેશન" ધરાવેછે. બેરામ મીરઝાં, હોમી વજીફદાર કે. કે. ઇરાની, શેરાબ ગાંધી, નવલ દાવર, દેબુ, ઇ. દી. ડ્રાઇવર, પરામ સુરતી વગેરેનું સારૂં ક્રીકેટ બળ ધરાવે છે.

ન્યુ હીંદુ ક્રીકેટ કલબ.

૧૯૦૯ હદ ક્રીકેટ કલબ બરપા થઇ.

કલકત્તા પારસી કોકેટ કલબ.

૧૯૧૦ માં કલકત્તા ક્રીકેટ કલબ સ્થાપવામાં આવી. આ કલબનું મકાન ૪૪ ઇઝરા સ્ટીટમાં છે જ્યારે કલબના ઓનરરી સેક્રેટરી તરીકે મી. એમ. સી. ગઝદર નેમાયા છે.

૧૮૧ રનની પાર્ટનરસીપ.

૧૯૧૦ની તા. ૧લી અને ૨જી અકટોબરે ભરૂચ જીમખાના સામે બી. બી. એન્ડ સી. આઇ. રેલવે ટીમ તરફથી એફ. પી. કોલાબેવાલા

અને પી. એન. પૉલીસવાળાએ **પહેલી વીકેટે १८१** રન નોંધાવ્યા હતા. બાદ બંને રમનારાઓ સદીનો સ્કોર કરી આઉટ થયા હતા.

લેફ્ટનન્ટ બ્રુકસ-૩૫ મીનીટમાં ૮૦ રન.

૧૯૧૨માં લેફટનંન્ટ બ્રુકસે હીંદુ જીમખાના સામે મુંબઇ જીમખાના તરફથી **૩૫** મીનીટમાં ૮૦ રન નોંધાવ્યા હતા.

દોલી કે. કાપડીયાની ૩ સદી.

૧૯૧૨ની ક્રીકેટ મોસમમાં પ્રસીદ્ધ ક્રીકેટર દોલી કે. કાપડયાએ **૨૫** ઇનીંગસમાં **૬ વાર** નોટ આઉટ રહી **૩ સદી** કરી જુમલે **૧૦૮૦** રન નોંધાવી ૧૨૯ રનના સૌથી વધુ ફાલા સહીત **૫૬** રનની ધરખમ બેટીંગ એવરેજ આણી હતી.

ધી યુનીયન સ્પૉર્ટશ ક્રીકેટ કલબ.

૧૯૧૨માં મી. જમશેદજી દી. માહાલક્ષમીવાલાએ પોતાની " ધી યુનીયન સ્પોર્ટશ ક્રીકેટ કલબ ઉભી કરી આ કલબ આખું વર્ષ પ્રેકટીશ તથા મેચના બાબમાં મી. માહાલક્ષ મીવાલા પોતાના ગીરોથી ચલાવે છે જેવણુની આવા પ્રકારની ઉદાર અને નમુનેદાર "સ્પૉર્ટીંગ-સ્પીરીટ" ના પરીણામે એ કલબમાં જાણીતા તેમજ ઉધરતા ઇંગ્રેજ, પારસી અને હીંદુ ક્રીકેટરો સંપ, ચાહ અને " ક્રીકેટની કેરેકટર" દીલટથી ખીલવતા નજરે પડે છે,

મી. દોવેચાને સોનાના ધડીઆલની ભેટ.

૧૯૧૨માં ઇંગલંડથી પાછી ફરેલી "ઑલ ઇંડીઆ ક્રીકેટ ટીમ" ના ઑનરરી સેક્રેટરી મી. દીવેચાને " ટુર " પાછળ લીધેલી તારીફ લાયક કાળજી માટે કમીટી તરફથી સર દોરાબ ટાટાની સુચના ઉપરથી રૂ. ૩૦૦ના સોનાના ધડીઆલની ભેટ કરવામાં આવી હતી જે રકમમાં પોતા તરફની ભેટ તરીકે એક પારસી ક્રીકેટરે રૂ. ૨૦૦નો ઉમેરો કરી રૂ. **૫૦૦**ની કીંમતનો ધડીઆલ અને છેડો ધટીટ લેખ સહીત મી- જીજીભાઇ માણેકજી દીવેચાને ભેટ કીધો હતો.

ક્રીકેટની છ માસની આ ટુર પાછળ **રૂ. ૪૯૮૪૭૫** નો મોટો ખર્ચ થયો હતો, જે ફંડમાં સર રતન ટાટાએ **રૂ. ૧૦ હજાર**નો ફાલો આપ્યો હતો.

ગણદેવી ક્રીકેટ કલબ.

૧૯૧૨મા સ્પેન્સર કપમાં રમતી મેદાનની ગણદેવી ક્રીકેટ કલબ બરપા થઇ.

માથેરાન પારસી જીમખાનું.

૧૯૧૨ માં માથેરાન ખાતે ડા. એમ. ઇ. પાવરીની કાળજી અને કોશેષથી બરપા થયલાં જાલભાઇ અરદેશર પારસી જીમખાનાની સ્થાપના થઇ હતી. જીમખાનામાં મારેલી તખ્તી નીચે મુજબની છે.

"શેઠ જાલભાઇ અરદેશર શેઠ માથેરાન પારસી જીમખાના. સ્થાપન થયું—મે ૧૯૧૨. રૂ. ૨૭૫૦૦) શેઠ જાલભાઇએ ખરચી બંધાવ્યું"

જીમખાનામાં એક મોટો હોલ છે જેમાં બીલયર્ડ ટેબલ ફુલ સાઇઝ ની છે. એક બીજી પીંગપોંગ ટેબલ છે.

વરંડાપર કાર્ડસ રમવાની નાની નાની ટેબલો, ચોપટ રમવાના પાટીયાં વગેરે છે.

કુશાદે કમપાંઉનડ છે જેમાં બેડમીંગટન કોર્ટ છે જેની પાસે નીચાણમાં બે ટેનીસ કોર્ટ છે.

ટેનીસ ટુર્નમેન્ટને લગતાં જીમખાનાના સુંદર શીલ્ડ ઉપર ૧૯૧૨ થી ૧૯૧૬ સુધીના નીચલાં નામો કોતરવામાં આવ્યાં છે.

૧૯૧૨

મી. એફ. સી. બોટલવાલા. અને
મી. જે. બી. ચીનાઇ

૧૯૧૩

મી. એચ. એ. મહેતા, અને
મી. આર. દી. રોમર.

૧૯૧૪

ડા. એમ. ઇ. પાવરી, અને
મી. એચ. એમ. મેહતા.

૧૯૧૫

ડા એમ. ઇ. પાવરી. અને
મી. એમ. બી. સ્પેનસર.

૧૯૧૬

મી. બી. જે. વાડીયા અને
મી. રૂસી એન. ગજદર.

ધી ઘાટકોપર ક્રીકેટ કલબ

૧૯૧૩માં એસપ્લેનેદના મેદાનમાં ટુંક વખતમાં મરી ગયલી મી. વેલજી ભાઇની ધી ઘાટકોપર ક્રીકેટ કલબ સ્થપાઇ.

ધી ભાટીઆ મીત્ર મંડળ ક્રીકેટ કલબ.

૧૯૧૩માં એસ્પલેનેડના મેદાનની ધી ભાટીઆ મીત્ર મંડળ ક્રીકેટ કલબ બરપા થઇ.

૪ રનમાં આખી ટીમ " આઉટ "

૧૯૧૩ માં " ટાઇમ્સ ઓફ ઇન્ડીયા " વીરૂદ્ધ બરોડા રેલ્વે લોકો ટીમ વચ્ચેની ઇસલામ જીમખાના ગ્રાઉન્ડ ઉપર રમાયલી મેચમાં લોકો ટીમે પ્રેસીડન્સી બોલર બેરામ મીરઝાંની કાતીલ બોલીંગ સામે માત્ર ૪ રનનો સ્કોર કીધો હતો.

મંચેરશા બટીવાલાનો ૧૭૨ રનનો સ્કોર.

૧૯૧૪ની સીઝનમાં કલકતા ખાતે એશીયાટીક પેટ્રોલીયમ કું. તરફથી બજબજ ક્રીકેટ કલબ સામે મંચેરશા એમ. બટીવાલાએ ૧૬૨ રનનો સ્કોર નોંધાવયો હતો જે એ મોસમનો કલકતામાં નોંધાયલો "Highest individual score" હતો.

દોલી કાપડયાના ૧૬૭ રન.

૧૯૧૪ના ડીસેમબર માસમાં પટીઆલાના ટીમ તરફથી દોલી કે કાપડયાએ ૧૬૭ રનનો સ્કોર નોંધાવયો હતો.

ન્યુ ઇંગ્લીશ સ્કુલ ક્રીકેટ કલબ.

૧૯૧૫માં ગીરગામ ખાતે સ્થપાયલી ન્યુ ઇંગ્લીશ સ્કુલ ક્રીકેટ કલબ હસ્તીમાં આવી.

મી. ભગવાગરને સોનાના ચાંદની ભેટ.

૧૯૧૬માં શેઠ ફરામજી પીટીટ મીલના જોબર મી. પેસી, જામાસ્પજી ભગવાગરને મેદાનની કોઇપણ કલબના પારસી ક્રીકેટરને ચાલુ પ્રમાણમાં અને છેલ્લાં ૨૦ વર્ષ સુધી પોતાની "પાકટ પ્રેકટીશ બોલીંગ" થી "પ્લે" આપવાની ઉલટ અને કાળજી ધરાવવા માટે મેદાનના થોડાક પારસી ક્રીકેટરોએ મી. ભગવાગરને ધટીટ લેખ સાથના સોનાના ચાંદની ભેટ કરી હતી

રાંદેરમાં રમાયલી " વૉર ફંડ " મેચ.

૧૯૧૬ની તા. ૩૦ અને ૩૧ મી ડીસેમ્બરે રાંદેરના ઇસલામ જીમખાના વીરૂદ્ધ મી. પી. એન. પૉલીશવાલાના ટીમ વચ્ચેની વૉર ફંડને લગતી મેચ રમાઇ હતી. જે શુભ કોશેષથી ઉપલાં જીમખાનાએ રૂા. ૧૫૦૦ની રકમ " વૉર ફંડ " માં આપી એક જશવંતો હીંગામ ફત્તેહમંદી સહીત પાર પાડયો હતો.

જીમખાના તરફથી સુરતના પોલીશ સુપ્રીનટેન્ડન્ટે રમતમાં ભાગ લીધો હતો જ્યારે મીં. પૉલીશવાલાના ટીમ તરફથી વીઠલ, શીવરામ, એમ. દી. પારખ, અદી ઘાસવાલા, ફલી. એલ. મારકર, જમશેદ માસ્તર, દી. આર. વલસાડા પી. એસ. વૉરદન, નાદીર એમ. મેસતરી, શેરાબ ભુત અને ફીરોઝ નાલ્લાશેઠ વગેરે રમનારાઓ રજુ થયા હતા.

મી. જીજીભાઇ દીવેચાને અનુપમ માન.

પારસી જીમખાનાના ઑનરરી સેક્રેટરી મી. જીજીભાઇ માણેકજી દીવેચાને રવીવાર તા. ૧૦મી જુન ૧૯૧૭ ના દીવસે મી. જે. એમ. ફરામજી પટેલના પ્રમુખપણાં હેઠળ મળેલી વાર્ષીક સભામાં "ઑનરરી લાઇફ મેમ્બર" તરીકે ચુંટી કઢાવાનું નીચલાં પ્રસંગો પાત્ર વિવેચન મુજબ અનુપમ માન આપવામાં આવ્યું હતું.

ડૉ૦ એચ. ડી. કાંગાએ અત્રે ડૉ૦ એમ. ઇ. પાવરીની ગેરહાજરીમાં દરખાસ્ત મેલી કે મી૦ જીજીભાઇ એમ. દીવેચાએ પારસી જીમખાનાના ઑનરરી સેક્રેટરી દાખલ જે કીમતી લાંબી સેવાઓ બજાવી છે તેની પીછાનમાં તેવણને એક ઑનરરી લાઇફ મેંમબર બનાવવા તેમજ કમીટીની સભાઓમાં મત આપવાનો હક બક્ષવો.

ડૉ૦ કાંગાએ પોતાની દરખાસ્તની હીમાયતમાં બોલતાં જણાવયું કેઃ—હું ઇચ્છું છું કે ડૉ૦ પાવરી આજ દીને હાજર હતે અને તેવણ પોતેજ આ દરખાસ્ત મેલતે. તેવણની ગેરહાજરીમાં તે ફરજ મારે માથે આવી પડી છે. મી૦ દીવેચા સાથે જુદી જુદી કમીટીઓમાં મને કામ કરવાને તક મળેલી હોવાથી હું જણાવીશ કે આ કમીટીઓ જે ભાઇચારાથી અને સંપીલી અને સરલ રીતે પોતાનું કામકાજ બજાવતી હતી, તે મી૦ દીવેચાની

કુનેહ, તેમજ દરેક બાબતના ગ્નાનને આભારી હતું. (તાળીઓ) વળી તેવીજ રીતે તેવણુ રમત ગમતના મેદાનોમાં ફતેહમંદ કુનેહ દેખાડતા હતા. ૧૯૦૮ના સાલમાં હીંદુ–પારસી ક્રીકેટ મતફેરીનો જે સમાધાનીથી છેડો આવ્યો તે તેવણુની કુનેહને આભારી હતું. ક્રીકેટની તવારીખમાં મી૦ જીજીભાઇ દીવેચાનું નામ કેટલાક આગળ થઇ ગયલા મશહુર પારશી ક્રીકેટરોની સંધમાં સદા જળવાઇ રેહેશે, કે જેઓમાં સઉથી પેહેલા મી૦ જે. એમ. ફરામજી પટેલ આવે છે કે જેવણુ વાજબી રીતે પારસી ક્રીકેટના પીતા સમાન ગણુાય છે. (ખુશાલીના અવાજો) જે બાદ સર ડી. જે. તાતા, અને ડૉ૦ મેહેલાશાહ પાવરી આવે છે. મી. દીવેચાના ઓનરરી સેક્રેટરી દાખલના અમલ દરમ્યાન વળી આ જીમખાનાની નાણુા સંબંધી હાલત પણુ ઘણી ધરખમ બની છે અને આપણે તેવણુને વાજબી રીતે આપણા "લોઇડ જ્યૉર્જ" ની ઉપમા આપી શકીશું. (ખુશાલીના અવાજો અને હસાહસ.) હાલમાં આપણું ફંડ રૂ. ૨૮૦૦૦ (અઠાવીસ હજાર) જેટલું થયું છે. આપણે તેવણુ ઉપર જે માનની નવાજેશ કરીયે છીએ તેને તેવણુ દરેક રીતે લાયકછે. છેવટ મને ભરોસો છે કે તેવણુ આ માન ઘણો લાંબો વખત સુધી ભોગવવા પામશે. (તાલીઓ.)

મી. જે. એમ. દીવેચાએ અત્રે તાલીઓના અવાજો વચ્ચે ઉત્તર વાળતાં જણુાવ્યું કે ડૉ૦ પાવરી તેમજ તમો સદ્ગૃહસ્થોએ મને આજ દીને જે અનુપમ માન આપ્યું છે તે માટે તમારો ખરાં દીલથી આભાર માનવા માટે મારા હસ્તક પુરતા શબ્દો પણુ નથી. મેં આપણાં આ ખાતાંને જે નજીવી સેવાઓ આપી છે તે કાંઇજ નહી પણુ માત્ર એક શોખની સેવા છે, કે જે બજાવવાને જો તમે મને રજા આપશો તો મારી તબીયત અને શકતી જ્યાં સુધી ચાલે ત્યાં સુધી બજાવતો રહીશ.

હું આ માનને અતીશય પ્યારૂં એટલા કાજે ગણું છું કે તે એનાયત કરવાનો પહેલો ખ્યાલ ક્રીકેટના સાચ્ચા આશક અને મારા જુના મીત્ર ડૉ૦ મેહેલાશાહ પાવરીને સુજયો હતો કે જેવણુ સાથે મળીને હીંદી સ્પોરટસના લાભો આગળ વધારવા માટે મેં છેલ્લા ત્રીસ વરસો થયાં કામ બજાવ્યું છે, અને વળી આ દરખાસ્ત હાલમાં મારા બીજા એક જુના મીત્ર ડૉ૦ હોમી કાંગા કે જેવણુ પણુ એક સાચ્ચા ક્રીકેટર છે તેવણુ તરફથી મેલાઇ છે જેની હું ભારે કદર કરૂં છું.

મારે તમને કાંઇ પણ ખાત્રી આપવાની જરૂર નથી કે તમોએ મને આજ દીને પારસી જીમખાના તરફનું જે છુટાપણું બક્ષ્યું છે તેની જીંદગી સુધીની યાદ હું તેમજ મારૂં કુટુંબ કરતાં રહીશું કે જે માન મેં આ ખાતાની જે કાંઇ નમ્ર સેવાઓ બજાવી છે તેની પીછાનમાં આપવામાં આવ્યું છે, કે જે ખાતાં તરફ હું હંમેશા ભારે માન અને ચાહની નજરથી જોતા આવ્યો છું. ગ્રહસ્થો, હવે ફરી એકવાર તમારો આભાર માની બેઠક લઉં છું (તાલીઓ)

મુંબઇમાં બાનુઓ વીરૂધ ગૃહસ્થો વચ્ચેની ક્રીકેટ મેચ.

મુંબઇનાં કેથોલીક જીમખાનામાં રવીવાર તા. ૨૪ મી જુન ૧૯૧૭ના દીવસે બાનુઓ વીરૂદ્ધ ગ્રહસ્થો વચેની ક્રીકેટ મેચ રમાઇ હતી જેમાં ગ્રહસ્થોનો ૧૧૫ અને બાનુઓનો ૧૧૮ રનનો સ્કોર નોંધાયો હતો.

NOTES BY Dr. M. E. PAVRI.

1 Bombay Gymkhana 24 runs in 1891 in the 2nd innings.

2 The Presidency 32 runs in 1895.

3 Mr. Vernon's Team 61 runs in 1890; the smallest in the tour.

4 Mr. D. B. Tapia [Junior] took **5** wickets for **5** balls for the Independant C. Club. against the Hindus in 1889.

5 Mr. Writer and Mr. Bapasola for Ralli Bros. C. Team bowled so well against the Hindoos in 1890 that the latter were dismissed for **18** runs in each innings. In the second innings **six** wickets were down for **no** run.

6 Mr. Gagrat for Bolton C. Club *vs.* Albert C. Club performed a **hat-trick** in the first innings and in the second innings he took **5** wickets for **no run**, dismissing the opponents for **11** runs, **four** of them being extras.

7 Major K. M. Mistri (125) and Mr. Raja Senior (65) put on **171** runs for the Baronet C. Club against the Central India Team in 1895.

8 Fastest scoring seen on the Bombay Ground. Capt. Jarvis and Pt. Davidson scored **45** runs in **seven** minuts for the Colaba Garrison against the Parsi C. Club in 1890.

9 Mr. Gagrat and Mr. Bapasola put on **86** runs in **35** minutes for the Baronet C. Club against the Nagar Gymkhana in 1889 in Bombay.

10 Mr. Gagrat for the Baronet C. Club scored **142** runs out of a total of **199** runs, his first hundred being made in an hour and three minutes.

11 The Bombay Gymkhana played with the Baronet Cricket Club for the first time in **1896**, it being the strongest local club in Bombay and having the honour to send in one year nearly eight members to represent the Parsi Team, viz, Messrs Gagrat Writer, Bapasola, Raja, Daruwalla, Pavri, Gazdar and Bharucha, Meherhomji being left untried.

12 Major K. M. Mistri took 7 wickets for **3** rnns for Patiala against Simla in 1898.

13 Mr. B. D. Gagrat took **five** wickets for **three** runs for the Parsis against the B. Gymkhana in 1887

14 *"The first century"* by a Parsi was made by Mr. Gagrat (108 not out) against the Poona Gymkhana in Bombay in 1891.

15 Three Parsis (Messrs Gagrat, Bapasola, and Dr. M. E. Pavri were selected to represent "**All India**" to play against Lord Hawke's Team in 1892.

16 In 1897 Mr. Bapasola came off in flying colours in all the departments. Scored 63 and 59; took **8** wickets for about **50** runs and took **4 catches** against the Presidency Team at Poona.

17 Dr. M. E. Pavri took **one hour** and **fifty** minutes to make the last **10** runs in the return match against the Presidency in 1892, scoring 31 runs, the highest individual score in the match.

THE FIRST BIG MATCH OF THE PARSIS.

CEYLON TEAM OF 1887.

In 1887 a formidable European Cricket Team of Ceylon cricketers visited Bombay for the first time and defeated the strong XI of Bombay Gymkhana by an innings.

At this time the combination of Bombay Gymkhana was very strong and as such the Victory of the Ceylon team over the Bombay Gymkhana, gave the Ceylon XI great due credit. The next match of the visiting team was with the Parsis which was

arranged by the late Mr. Edalji Mody the then proprietor of the Bombay club.

This match was also played on the Bombay Gymkhana ground and the Parsis, who at that time were not half as much strong as Bombay Gymkhana, lost the match by a narrow margin of 15 runs only.

The last pair of the Parsi team was Dhanjibhoy Mehta and Jeejibhoy L. Bilimoria of which Mehta was caught out. From the side of the Parsis J. L. Bilimoria and N. K. Bharucha bowled remarkably well but the former was more conspicuous with the leather and captured no less than 14 wickets in both the innings.

Dr. M. E. Pavri who was at Naosari at the time could not participate in the match; if he was able to give his services for this match, the result would have been otherwise. The Parsi team was captained by Ardeshir Major–a cricketer of known repute–who had the honour of visiting England with the first Parsi cricket team in 1886.

For the Ceylon Team Mr. Shen made good execution in bowling while Vanderspark gave a capital display in batting answering 4 successive balls of Bharucha's bowling to the boundary.

On the second day of the match Mr. J. M. Framji Patel umpired for the Parsi team for the first time and thus made a bigining of establishing the right of having a Representative Umpire for each team in a big match.



શાપુર સ્પેન્સર કપ મેચ.



એકંદર નોંધાયલી ૧૯ સેંન્ચરી અને ૧૮ હૅટટ્રીક.

૧૯૧૦ માં મેદાનની આગેવાન એલફીન્સટનં ક્રીકેટ કલબે મેદાનની પારસી ક્રીકેટ કલબો માટે રૂ. ૭૦૦ની કીંમતનું એક સુંદર શીલ્ડ બાહેર પાડયું હતું જેમાં છેલ્લાં ૭ વર્ષમાં નીચલી ક્રીકેટ કલબોની **ચેમ્પીયન સીપ** નોંધાયલી છે. કોમન-સભાસદોની કંગાલ બદી દુર કરવાનો માર્ગ આ શીલ્ડથી રામબાણુ રીતે અમલમાં આવેલો નજરે પડે છે.

સ્પેન્સર કપ જીતનારી કલબો.

૧૯૧૦ યંગ ઝોરાસ્ટ્રીયન	૧૯૧૪ બેરોનેટ
૧૯૧૧ મરીન લીબરલ	૧૯૧૫ એલફીન્સ્ટન
૧૯૧૨ એલફીન્સટન	૧૯૧૬ એલફીન્સ્ટન
૧૯૧૩ બેરોનેટ	૧૯૧૭ મેચ રમાય છે.

શાપુર સ્પેનસર ચેલેંજ કપ ચેમ્પીઅનશીપ.

શાપુર સ્પેન્સર ચેલેંજ કપ ચેમ્પીઅનશીપ માટેની **૧૯૧૦**ની મોસમની નીચલી ૧૨ કલબોની એવરેજ નીચે મુજબ હતી:—

કલબો.	રમ્યા.	જીત્યા.	હાર્યા.	ડરોન,	પોઇંટ	ટકા.
યંગ ઝોરાસ્ત્રીયન...	૯	૮	૦	૧	૮	૧૦૦
એલફીન્સટન.....	૧૦	૭	૧	૨	૬	૭૫
બેરોનેટ..........	૯	૫	૧	૩	૪	૬૬.૬૬
લીબરલ (એસપ્લેનેડ)	૯	૫	૧	૩	૪	૬૬.૬૬
એલાયન્સ........	૧૦	૪	૩	૩	૧	૧૪.૨૮
જોન બ્રાઇટ......	૯	૩	૪	૨	-૧	-૧૪.૨૮
લીબરલ (મરીન)...	૯	૩	૪	૨	-૧	-૧૪.૨૮
ઇમપીરીયલ	૧૦	૩	૬	૧	-૩	-૩૩.૩૩
સાસાનીઅન.....	૧૦	૨	૫	૩	-૩	-૪૨.૮૫

લૉર્ડ નૉર્થબ્રુક...	૯	૧	૫	૩	−૪ −૬૬.૬૬
પારસી એરોનેટ...	૯	૧	૬	૨	−૫ −૭૧.૪૨
પરશીયન	૯	૦	૬	૩	−૬ −૧૦૦.

બેટીંગ એવરેજ.

નામ	જુમલે રન	વધુ સ્કોર	એવરેજ.
એસ. એમ. ચોથીઆ...	૧૫૯	૫૭	૩૯.૭૫
ડી. ડી. ડ્રાઇવર.........	૨૮૧	૬૯	૩૫.૧૨
પી. ડી. કાપડીઆ......	૧૪૦	૫૬	૩૫.
એચ. એફ. મુલ્લાં......	૨૦૮	૭૭	૨૬.
આર. પી. મેહેર હોમજી..	૧૦૩	૫૮	૨૫.૭૫
ડી. કે. કાપડીઆ.......	૨૦૨	૧૨૭	૨૫.૨૫
આર. ઇ. મોદી........	૧૫૫	૫૯	૨૨.૧૪
એમ. ડી. પારખ......	૧૮૮	૧૧૫	૨૦.૮૮

બોલીંગ એવરેજ.

નામ.	મેચની સંખ્યા.	બૉલ.	વીકેટ	રન.	એવરેજ.
એસ. એફ. માદન......	૯	૬૪૮	૫૩	૨૩૦	૪.૩૩
જે. એ.સ વૉરડન.......	૯	૬૭૫	૪૪	૧૯૪	૪.૪૦
પી. એચ. દાવર........	૫	૨૯૧	૧૯	૯૨	૪.૮૪
આર. પી. મેહેર હોમજી..	૫	૨૪૦	૧૬	૯૬	૬.૦૦
કે. એસ. કાપડીઆ.....	૮	૪૪૭	૨૪	૧૪૯	૬.૨૦
એ. આર. ડ્રાઇવર.....	૮	૬૯૦	૩૭	૨૩૭	૬.૪૦
એસ. ગજદર..........	૧૦	૭૨૦	૩૦	૨૨૮	૭. ૬
એફ. કાતરક..........	૯	૭૨૮	૨૯	૨૨૬	૭.૭૯
જે. એમ. ઉમરીગર......	૭	૬૨૦	૩૪	૨૬૭	૭.૮૫
ડી. એન. રાઇટર.......	૪	૩૨૯	૧૫	૧૧૮	૭.૮૬

એલફીન્સટન ક્રીકેટ કલબની ચેમ્પીયનસીપ.

હાલી કે૦ કાપડયાની "રૈકૅર્ડ-એવરેજ"-૧૪૪.

૧૯૧૨માં, એલફીન્સટન ક્રીકેટ કલબ "ચેમ્પીયન" નીવડી હતી જેની એવરેજ નીચે પ્રમાણે નોંધાઇ હતી. **૧૯૧૨ની** એલફીન્સટન ક્રીકેટ કલબની સઘળી મેચ **હાલી કાપડીયા** વીરૂદ્ધ **હરીફ પક્ષ** વચેજ રમાઇ હોય એવો હિસાબ એકંદર ઉતર્યો હતો.

	રમનારાઓ.	ઈનીંગ્સ	કુલ રન	વધુ રન	નોટ આઉટ	એવરેજ
૧	હી. કે. કાપડીયા......	૮	૫૭૯	૧૨૯	૪	૧૪૪
૨	બી. એસ. ભપ્પુ.....	૭	૧૦૮	૩૮	૩	૨૭
૩	જે. એચ. એલચીદાના.	૧૦	૨૧૩	૬૮	૧	૨૩.૬
૪	ડા૦ હીરજી દી. ગીમી	૯	૧૭૫	૫૨	૧	૨૧.૮
૫	બી. જે. મોરીનસ...	૪	૩૭	૨૨	૧	૧૮.૩
૬	એસ. બી. સ્પેન્સર...	૪	૭૦	૩૫	૦	૧૭.૫
૭	એમ. આર. એડનવાલા	૫	૬૭	૩૫	૦	૧૩.૪
૮	આર. ઇ. મોદી (કેપટન)	૬	૫૧	૨૪	૧	૧૦.૨
૯	એ. એચ. વાહડયા...	૬	૪૮	૩૩	૦	૮.૦
૧૦	પી. એચ. દાવર......	૪	૨૦	૧૪	૦	૫.૦
૧૧	એસ. એન કાંગા....	૩	૩૨	૨૯	૦	૧૦.૬

કાંગાએ માત્ર ૩ મેચમાં ભાગ લીધેલો હોવાથી તે એવરેજમાં પોતાનું નામ આમેજ કરી શકે એમ નથી.

બોલીંગ એવરેજ.

નામ.	ઓવર્સ	રન	વીકેટ	એવરેજ
બી. જે. મોરીનસ	૫૦	૧૦૯	૧૭	૬.૪
જે. જે. દુબાશ	૪૦	૧૧૮	૧૪	૮.૪
પી. એચ. દાવર	૧૦૫	૨૯૦	૩૩	૮.૭
બી. એસ. ભપ્પુ	૬૬		૧૬	૯.૮

જેહાંગીર દુબાશ માત્ર ૩ મેચ રમેલો હોવાથી તે એવરેજમાં પોતાનું નામ આમેજ કરી શકે એમ નથી.

૧૯૧૨ની હરિફાઇ.

૧૯૧૨માં એલફીન્સટન કલબ પહેલે નંબરે આવીને કપ જીતી ગઇ છે, જ્યારે બેરોનેટ બીજે નંબરે અને સાસાનીયન ત્રીજે નંબરે આવી છે. બીજી કલબોની, કેટલી મેચ રમ્યા, હારયા, જીત્યા, પોઇંટ ટકા વગેરે વીગતો નીચલા કોઠા ઉપરથી માલમ પડી આવશે:—

કલબો	કેટલી રમયા.	કેટલી જીતયા	કેટલી હારયો	કેટલી અધુરી	કેટલી મારક.	કેટલા ટકા
એલફીનસટન......	૯	૯	૦	૪	૯	૧૦૦
બેરોનેટ............	૯	૮	૧	૪	૭	૭૭
સાસાનીયન	૭	૬	૧	૬	૫	૭૧
પરશીયન............	૭	૪	૩	૬	૧	૧૪
મરીન લીબરલ...	૯	૫	૪	૪	૧	૧૧
કોરોનેશન...........	૧૦	૫	૫	૩	–૦	૦
અલાયનસ.........	૯	૪	૫	૪	–૧	–૧૧
પારસી બેરોનેટ.....	૯	૪	૫	૪	–૧	–૧૧
લીબરલ એસપ્લેનેડ.	૯	૪	૫	૪	–૧	–૧૧
યંગ ઝોરાસ્ત્રીયન....	૯	૪	૫	૪	–૧	–૧૧
ગણુદેવી.............	૮	૩	૫	૫	–૨	–૨૫
જોન બ્રાઇટ.........	૮	૨	૬	૫	–૪	–૫૦
લોર્ડ નોર્થબ્રુક...	૧૦	૨	૮	૩	–૬	–૬૦
ઇમપીરીયલ........	૯	૧	૮	૪	–૭	–૭૭

બેરોનેટ ક્રીકેટ કલબની સેનચરી.

૧૯૧૧ થી ૧૯૧૫ સુધીમાં બેરોનેટ ક્રીકેટ કલબના નીચલા ૩ રમનારાઓએ સદી નોંધાવી છે. ૧૯૧૬ અને ૧૯૧૭માં બેરોનેટ કલબે આ કપ મેચમાં ભાગ લીધો ન હતો.

૧ જે. એસ. વૉરદન
૨ મરઝબાન રીપોરટર
૩ એમ. દી. પારખ

૧૯૧૩ની બેરોનેટની ચેમ્પીયનસીપ.

૧૯૧૩માં ચેમ્પિયન નીવડેલી બેરોનેટ ક્રીકેટ કલબની બેટીંગ તથા બોલીંગને લગતી એવરેજ નીચે મુજબની હતી.

જે કલબની હરીફો સામેની અનેક મેચો એક તરફી રીતે રમાઇ હતી જયારે સાસાનીયન અને પારસી બેરોનેટ કલબની મેચમાં વીશેષ રસાકસી નજરે પડી હતી.

બેટીંગ એવરેજ.

	ઇનીંગસ.	નોટ આઉટ.	જુમલે રન.	સૌથી વધુ રન.	એવરેજ.
એમ. દી. પારખ	૭	૪	૨૮૭	૧૦૫	૯૫.૬૬
જે. એસ. વેરાડન	૧૦	૫	૪૦૭	૧૨૬	૮૧.૪
દી. દી. ડ્રાઇવર	૧૨	૧	૩૩૫	૮૮	૩૦.૪૫
એમ. રીપોરટર	૧૧	૨	૨૫૬	૧૦૭	૨૮.૪૫
દાદી એમ. રાજા	૬	૨	૧૦૦	૨૮	૨૫.
પી. જે. ચીનાઇ	૫	૧	૯૪	૩૦	૨૩.૫
હોમી એસ. બપ્પુ	૮	૨	૯૬	૪૪	૧૬.૦

હાઈએસ્ટ ઇનદીવીજ્યુઅલ સ્કોર.

દી. કે. કાપડીયા	૧૫૬	રન
જે. એસ. વોરડન	૧૨૬	„

બેરોનેટની રેકર્ડ પાર્ટનરસીપ.

૧૯૧૩માં "ચેમ્પીયન" નીવડેલી બેરોનેટ ક્રીકેટ કલબ તરફથી જે. એસ. વોરડન અને મરઝબાન રીપોર્ટરે ૨૬૮ રનની "રેકર્ડ-પાર્ટનરસીપ" નોંધાવી હતી.

૧૯૧૩નાં વર્ષની ચેમ્પીયન કલબ બેરોનેટ તરફથી એમ. દી. પારખે ૯૫. રનની પહેલી બેટીંગ અને પેસી પોંચખાનાવાળાએ ૫ ની પહેલી બોલીંગ એવરેજ આણી હતી.

સ્પેન્સર શીલ્ડની રેકર્ડ એવરેજ.

૧૯૧૨માં દી. કે. કાપડયાએ ૧૪૪.૭૫ની રેકર્ડ એવરેજ આણી હતી, જે સ્પેન્સરશીલ્ડ મેચમાં નોંધાઇ હતી.

૪ બોલમાં ૪ વિકેટ.

સ્પેન્સર શીલ્ડની મેચમાં એલાયન્સ તરફથી લીબરલ ક્રીકેટ કલબ

(મરીન) સામે શાપુરજી ઉદવાડીઆએ **૧૯૧૩**માં ૪ બૉલમાં **લાગત ૪** વીકેટ **લીધી** હતી.

૧૯૧૪માં ડા. પાવરીએ અને **૧૯૧૫**માં દોરાભાઇ આર. વલસાડાએ પણ **લાગત ૪ વીકેટ** લીધી છે.

પેસી ભગવાગરની "હૅટ-ટ્રીક"

૧૯૧૧માં મુંબઇ જીમખાના ગ્રાઉન્દ ઉપર રમાયલી બેરોનેટ વીરૂદ્ધ કોરોનેશન ક્રીકેટ કલબો વચેની મેચમાં "પારસી પ્રેકટીશ બોલર" મી. પેસી જામાસ્પજી ભગવાગરે બેરોનેટ તરફથી 'હૅટ-ટ્રીક" નોંધાવી હતી.

૧૯૧૨ની સેન્ચરી.

૧૯૧૨ માં દી. કે. કાપડયાએ ૮ ઇનીંગ્સમાં **૫૭૯** રન કરી **૧૧૮** રન (નોટઆઉટ) **સહીત** ૧૧૪ રનથી પહેલી પદવી આણી **હતી**. આ રમનારે એ વર્ષમાં **બે** વાર સદીનો સ્કોર નોંધાવ્યો હતો. આ વર્ષમાં ડા. હોમી દી. કાંગાએ મરીન લીબરલ તરફથી પરસીયન સામે અને દીનું દી. ડ્રાઇવર બેરોનેટ તરફથી **સદી** નો સ્કોર કીધો હતો.

સ્પેન્સર કપની એક યાદગાર મેચ.

સ્પેનસર કપની રવીવાર તા. ૨૫ મી જુલાઇ ૧૯૧૫માં રમાયલી એલ-ફીન્સટન વીરૂદ્ધ યંગ ઝોરાસ્ટ્રીયન વચેની મેચની તવારીખ યાદગાર રહે એવી થઈ પડી હતી.

એક દીવસમાં બંને પક્ષની બબે ઇનીંગ્સ લેવા ઉપરાંત યંગ ઝોરા-સ્ટ્રીયને ૯૦ ટકા જીતેલી મેચ એલફીન્સટને ડા. હોમી કાંગાની **ચુનંદી બોલીંગથી** જીતી લીધી હતી. ડા. કાંગાએ આ મેચમાં માત્ર **૧૭** રનમાં ૮ વીકેટ લીધી હતી. આ "**રેકોર્ડ મેચ**" નો હેવાલ નીચે મુજબ છે.

એલફીનસટન વીરૂદ્ધ યંગ ઝોરાસ્ત્રીયન ક્રીકેટ કલબ.

ઉપલી મેચમાં એલફીનસટને પહેલો દાવ **૯૦** જુમલે ૪૩) રન્સ કર્યા હતા જેમાં માત્ર સરવેયરના ૨૧) રનસ મુખય હતા. યંગ ઝોરાસ્ત્રીયન તરફથી મીરઝાંએ ૨૨ માં ૨ અને વજીફદારે ૨૧ માં ૮ વીકેટ લીધી હતી. યંગ ઝોરાસ્ત્રીયને દાવમાં જઇ જુમલે ૮૫) રનસ કરયા હતા. જેમાં

વજીફદારનાં ૩૪) અને પાવરીના ૨૦) રનસ મુખ્ય હતા. એલફીનસ્ટન તરફથી ડા૦ હોમી કાંગાએ ૨૫ મા ૩ મોરીનસે ૧૮ માં ૧, ભપુએ ૨૪ માં ૧, અને વાચ્છાએ ૧૬ માં ૪ વીકેટસ લીધી હતી.

એલફીનસ્ટને બીજી ઇનીંગસમાં ૩ વીકેટનાં ભોગે ૧૦૨) રન્સ નોંધાવ્યા હતા જેમાં દોલી કાપડયાના ૩૪, એજન ભપુના ૨૭, પારખના ૨૧ અને સરવેયરના ૧૧) રનસ મુખ્ય હતા. ઝોરાસ્ત્રીયન તરફથી બલસારાએ ૨૪ માં ૧ વજીફદારે ૫૦ મા ૧ અને મારઝાંએ ૮ રનસ આપી ૧ પણ વીકેટ લીધી હતી નહી.

યંગ ઝોરાસ્ત્રીયને દાવમાં જઇ ૫૧ રનસ કર્યા હતા જેમાં એરચ ડરાઇવરનાં ૧૨ રનસ મુખ્ય હતા. એલફીનસટન તરફથી ડા૦ કાંગાએ ૧૭ માં ૮ અને વાચ્છાએ ૨૧ માં ૧ અને ભપુએ ૭ માં ૧ વીકેટ લીધી હતી.

આ રીતે એલફીન્સ્ટન ક્રીકેટ કલબે ૯ રનસની તારીફ લાયક જીત મેળવી હતી.

કપ મેચમાં નોંધાયલી સદી.

વર્ષ.		રન.	કલબ.
૧૯૧૦	માણેક દી. પારખ	૧૧૫	(એરોનેટ)
,,	દોલી કે. કાપડીયા	૧૨૭	(એલફીનસટન)
૧૯૧૨	દી. દી. ડ્રાઇવર	૧૦૫	(એરોનેટ)
,,	દી. કે. કાપડીયા	૧૨૮	(એલફીન્સટન)
,,	,,	૧૦૨	(,,)
,,	ડા. હોમી દી. કાંગા	૧૦૦	(મરીન લીબરલ)
૧૯૧૩	એમ. આર. રીપોરટર	૧૦૭	(એરોનેટ)
,,	જે. એસ. વૉરદન	૧૨૬	(,,)
,,	એમ. દી. પારખ	૧૦૫	(,,)
,,	જે. એસ. વૉરદન	૧૦૧	(એરોનેટ)
,,	ડા. હોમી દી. કાંગા	૧૦૩	(મરીન લીબરલ)
,,	હોમી એફ. મુલ્લાં .	૧૦૬	(સાસાનીયન)
૧૯૧૫.	જે. એસ. વૉરદન	૧૦૧	(એરોનેટ)
,,	જે. એચ. એલચીદાના	૧૦૬	(એલફીન્સટન)
,,	એસ. બી. નાગપોરવાલા	૧૦૦	(સાસાનીયન)
,,	ફીરોજ પી. કાપડયા	૧૦૪	(,,)

૧૯૧૫	હોમી જે. વજીફદાર	૧૦૩	(યંગઝોરાસ્ત્રીયન)
,,	પી. એન પૉલીશવાલા	૧૦૦	(,,)
૧૯૧૬.	દી. કે. કાપડયા	૧૫૬	(એલફીન્સટન)

૧૯૧૨માં નોંધાયલી હૅટટ્રીક.

૧૯૧૨માં **માણેક** દી. પારખે એરોનેટ તરફથી, જેહાંગીર દી. આંટી-**આએ પારસી** એરોનેટ તરફથી અને ડા૦ રૂસતમ જે. ટાટાએ કોરોનેશન **તરફથી** "હૅટટ્રીક" નોંધાવી હતી. બોલીંગમાં એ વર્ષે માણેક દી. પારખ ૩ ની શ્રેષ્ટ એનાલેસીસ સહિત પહેલો ઉતરયો હતો, જ્યારે એલાયન્સના **બોલર** જેહાંગીર દી. વસઇગિરાના નામ ઉપર **૪૫૭** રને **૫૩** યાને સૌથી વધુ વીકેટ ઉશડવાનું માન નોંધાયું હતું.

૧૯૧૨ની ૨૦૫ રનની પાર્ટનરસીપ.

એલફીન્સટન તરફથી દી. કે. કાપડ્યા અને જે. એચ. એલચીદાનાએ **૨૦૫** રનની પાર્ટનરશીપ નોંધાવી હતી.

૧૯૧૪ અને ૧૯૧૫માં નોંધાયલી હૅટટ્રીક

૧૯૧૪	જે. દી. વસઇગિરા	(પરસીયન)
,,	જે. એસ. એલાવ્યા	(સાસાનીયન)
૧૯૧૫	બી. એસ. ભપ્પુ	(એલફીન્સટન)
,,	જે. એસ. એલાવ્યા	(સાસાનીયન)

દોલી કે. કાપડયાની ઝળકતી ક્રીકેટ–કારકીર્દી.

"સ્પેન્સર કપ મેચ" માં ભાગ લેતી ૧૨ કલબોના સઘળા રમનારાઓમાં દોલી ખરશેદજી કાપડયાની ક્રીકેટ કારકીર્દી વગર શકે આગેવાન અને ઝળકતી ગણાશે.

એલફીન્સટન હાઇ સ્કુલ તરફથી "**જાઇલ્સ** ચેલંજ શીલ્ડની" મેચમાં **૩** રનમાં **૮** વીકેટ ઉરાડી આ ક્રીકેટરે પોતાની જોરાવર ક્રીકેટ–કારકીર્દી **જશવંતી** રીતે શરૂ કરી હતી. "હેરીશ ચેલંજ શીલ્ડ"ની મેચમાં ન્યુ **હાઇસ્કુલ** તરફથી રમી એ વર્ષમાં જુરાબંધ રન નોંધાવ્યા હતા.

વીલસન કોલેજમાં જોડાઇ પોતાની શ્રેષ્ટ બેટીંગ અને ચઢીઆતી **ફીલ્ડીંગનાં** પરીણામે કોલેજને **૧૯૦૬માં પહેલીવાર** શીલ્ડ જીતાડી આપ્યું હતું **જ્યાં બે** વર્ષ સુધી કેપ્ટનસીપ કરી હતી. **વીલસન** કોલેજ છોડી **એલફીન્સટન** કોલેજમાં આવતાં એ કોલેજની ક્રીકેટ ટીમની કેપ્ટનસીપ ત્રણ વરસ બ-

જાવી ટેનીસ તથા એથલેટીક સ્પોર્ટસમાં ચેમ્પીયનસીપ મેળવી હતી.

૧૯૦૭ થી પુનાની પ્રેસીડન્સી, ત્રાયંગ્યુલર વગેરે કોડરેંગ્યુલર મેચ રમી ૧૯૧૨માં પારસીઓએ મેળવેલી તારીફલાયક જીતમાં આ ક્રીકેટરે વખત સરનો કીમતી ફાલો આપ્યો હતો.

પારસીઓમાં ચુનંદા ફીલ્ડરમેન માંહેલા એક તરીકે વાજબી રીતે ગણાતા આ ચપળ ક્રીકેટરે પોતાની ક્રીકેટ કારકીર્દીમાં એકંદર ૧૯ સેનચરી નોંધાવીછે, જેમાં પટીઆલા ખાંતે ૧૭૨ રનનો વધુ જુમલો કીધોછે.

રાજકોટમાં ૧૯૧૩માં ચુનંદા બોલર મીનોનની બોલીંગ સામે એકંદર ૧૦૦ રન કરી નામદાર જામસાહેબ તથા ટેરંન્ટનું ઉંચું મત મેળવ્યું હતું.

૧૯૦૪થી આગાખાન હોકી ટુરનમેંન્ટમાં ભાગ લઇ એલફીન્સટન કોલેજ તથા પારસી હોકી ટીમની કેપટનસીપ ધરાવી હતી જે ઉપરાંત ટુરનમેન્ટમાં **પહેલા દેશી રેફરી** તરીકે આ પ્લેઆરની નેમણુક કરવામાં આવી હતી.

સ્પેન્સર કપમેચમાં આગેવાન ક્રીકેટર તરીકે ગણાતા ભવિષ્યની હજી વધુ સારી આશા આપનાર આ ક્રીકેટરની ઉપલી ટુંક નોધ મેં મારી નોંધ પોથી ઉપરથી અત્રે રજુ કરવાની જરૂર જોઇ છે

ક્રીકેટ અને બીડી પીવાની બદી.

થોડાંક પ્રસંગોપાત્ર મત.

સી. બી. ફ્રાઇનો અનુભવ.

ચુનંદા ક્રીકેટર અને નામાંકિત 'એથલેટ' ચાર્લસ બી. ફ્રાઇ પોતાનો અનુભવ રજુ કરતાં જણાવે છે કેઃ—

ઉછરતા જુવાન્યામાં નરમ પ્રકારની બીડી પીવાની ટેવ ખરાબ અસરનીછે. It tends to injure the heart and derange the nerves.

લૉર્ડ હૉક શું કહે છે.

યૉરકસાયર કાંઉન્ટીનો આગલો નાંમાકીત ક્રીકેટ કેપ્ટન લૉર્ડ હૉક જણાવે છે કેઃ—નાના છોકરા તેમજ ઉછરતા જવાન્યાઓને મારી મજબુત સલાહ છે છે તેઓએ બીડી પીવાની ટેવ કદી પણ પંપાળવી નહીં. Live a natural temperate life, get all the outdoor exercises you can and don't smoke.

આસટ્રેલ્યન ક્રીકેટર નોબલની નોંધ.

ઓસટ્રેલીયન ક્રીકેટ ટીમનો કેપટન એમ૦ એ૦ નોબલ કહે છે કે:—લાંબો વખત મને બોલીંગ કરતો જોવાની લોકોની પુછપરછમાં હું એટલુંજ જણાવીશ કે એ બાબદમાં હું જે કારણ રજુ કરી શકું તે **બીડી નહીં પીવાને લગતુંજ છે.** ઉઘરતા ક્રિકેટરો જેઓ બીડી પીવાની મોહીનીને વશ થાય છે તેઓ કદી પણ "કલાશ-ક્રીકેટરો" થતા નથી. ટ્રૂંપર હોવેલ, કૅાટર, દારલીંગ, ન્યુલેંડ, કેલી વગેરે ક્રીકેટરો કદીપણ બીડીપીનારા નથી એમ જણાવવું જરૂરતું છે.

Best Physicians are sunshine and scenery.

The best of all pnysicians are sunshine and scenery. Pay a little more heed to the conditions under which you live, and less heed to medicine advertisements, and you will be surprised at how "fit" you will keep. It is a fact that already, for certain complaints, many medical men have cast drugs on one side as being useless. More would do so if they were not afraid that their patients would be dissatisfied if they had "nothing to take." Let those who possess the child-like faith in the doctor and the progress of medical science think well over this cold truth. With the one exception of salicylic acid prepared from wintergreen oil, no therapeu tic agent has yet been produced which can do more than was possible by the remedies and practices of the ancients.

Take drugs for no complaint! You will find this an invaluable health rule. Keep your money in your pocket, and cure yourself. Plenty of air. clean, regular ways of living, and a thoughtfully-chosen, diet, **no drink and no smoking** will keep you more "fit" in business and play than all the tonics so widely advertised. I have thrown my drugs away, with the thumbworn medical formularies after them. After years of deep thought and experiment, I have come to see that the onle honest treatment is the "nature cure-"

આગેવાન ક્રીકેટરોની સદી.

ક્રીકેટમાં અમુક ક્રીકેટરે નોંધાવેલી સદીનો રેકોર્ડ તથા તેમની નોંધ મળી શકતી નથી. નીચલી થોડીક નોંધ મને જે મુજબ મલી છે તે અત્રે સહેજ રજુ કરું છું.

મેજર ગ્રેગ	૧૦૧ સદી.
ડા. હોમી દી. કાંગા	૩૫ સદી.

જેમાં ૪ સદી લાગત પારસી જીમખાના તરફથી આ રમનારે નોંધાવી છે,

કે. એ. દાટે	૨૪
દી. કે. કાપડયા	૧૯
બી. દી. ગગરાટ	૧૧
જે. એસ. વૉરદન	૧૧

દફર્સ–મેચ.

મુંબઇના આગલા ગવરનર લૉર્ડ શેન્ર્દહષ્ટના વખતમાં ૧૮૯૭ માં ગણેશખીંડ ખાતે એટ–હોમના એક ખાનગી મેળાવડામાં દફર્સ ક્રીકેટ મેચ રમાઇ હતી. આ મેચમાં બોલ બાંઉન્દરી ઉપર જતાંજ તેમજ ૨૦ રન કરી "રીટાયર્ડ" થવાનું હતું જેમાં ફીલ્ડસમેનો બોલને હાથે કરીને ન અટકાવતાં બાંઉન્દરી ઉપર જવા દેતા હતા જે બનાવ બહુ રમુજ ઉપજાનારો થઇ પડયો હતો. આ મેચ બપોરના ૩ થી સાંજના ૬ વાગતા સુધી રમાઇ હતી જેમાં એક ટીમના કેપટન તરીકે નામદાર ગવરનર લોર્ડ શેન્ર્દહષ્ટ અને બીજી બાજુએ ગર્વનમેંન્ટ સ્ટાફના તબિબ ડા. મારટીને કેપટન તરીકે કામ બજાવ્યું હતું જ્યારે જેનરલ ગેટેકરે આ મેચમાં અમ્પાયરીંગ કરી હતી. નામદાર ગવરનરે મેચમાં અંડરહેન્ડ બોલીંગ કરી હતી જેઓ સાથે રમતમાં પ્રીન્સ ફ્રાંન્સીસ ઓફ ટેક પણ રજુ થયા હતા. આ દફર્સમેચથી રમનારાઓ, ફીલ્ડસમેન તથા જોનારાઓને બહુ ગમત પડી હતી.

ભુલનો સુધારો.

છપાઇ ગયલાં આગલા પ્રકરણમાં નીચલો સુધારો કરવાની જરૂર છે.

સ્કુલ ક્રીકેટ.

ન્યુ હાઇસ્કુલની ચેમ્પીયનસીપ પહેલી ૧૮૯૩ માં નોંધાઇ હતી અને નહીં કે ૧૮૯૧ અને ૧૮૯૨ ના બે વર્ષમાં કે જે વર્ષે સ્કુલ ક્રીકેટની હરીફાઇની મેચો હસ્તીમાં આવી ન હતી.

ક્રીકેટના બોલનો થ્રોનો રેકોર્ડ.

૧૮૯૬ માં અને નહી કે ૧૯૦૬માં નવલ એમ. મોદીનો ૧૦૧ વાર ૧ ફીટ અને ૭ ઇંચ નો "ક્રીકેટ બોલનો થ્રો" નોંધાયેલો હોવાથી ૧૯૦૪ નો જે. એચ. એલચીદાનાનો થ્રે. સ્કુલ ક્રીકેટમાં રેકોર્ડ સમાન છે.

કોલેજ–ક્રીકેટ.

૧૯૦૬ માં વીલસન કોલેજે પહેલીવાર ચેમ્પીયનસીપ નોંધાવી હતી અને નહીં કે ફરગ્યુશન કૉલેજે.

બેરોનેટ કલબનો રેકોર્ડ.

બેરોનેટ ક્રીકેટ કલબ હીંદુ જીમખાના સામે ૧૯૧૬ માં માત્ર એકજ વાર હારી ગયલી નોંધાઇ છે, અને નહીં કે આજ સુધી એક પણ મેચ નહીં હારેલી.

મી. ફરામ ખંબાતાની મેદાનની જાણીતી ઇમ્પીરીયલ ક્રીકેટ કલબ ૧૮૭૫માં સ્થપાઇ હતી.

